# -: બ્રહ્માંબાબાના જીવનની કળાઓ :-

બાબાએ જે ચાર વિષયો જ્ઞાન, યોગ, ધારણા અને ઈશ્વરીય સેવા બતાવ્યા છે તે ચારે વિષયોનું કેન્દ્રબિંદુ બાબાનું જીવનવૃતાંત છે. એટલે બાબા કહે છે ફોલો ફાધર અર્થાત બાબાની જીવનકથા આપણે પોતાના જીવનમાં ઉતારવાની છે. આમ તો આપણે તેને સોળ કળાઓમાં વહેંચીશું.

૧. શીખવાની કળા (Art of learning):- શીખવું અર્થાત જીવનમાં પરિવર્તન આણવું. શિવબાબા સર્વને એક સરખું ભણાવે છે પરંતુ સૌ પોતાની શક્તિ અનુસાર તેને ધારણ કરે છે. જેમ કે બ્રહ્માંબાબાએ એ જ્ઞાનથી એટલી પ્રાપ્તિ કરી લીધી જેથી તેઓ ક્રમાંતીત બની ગયા. પરંતુ કેટલાક ભાઈબહેનો ઘણા વર્ષોથી જ્ઞાનમાં ચાલે છે. છતાં પણ એમના જીવનમાં કોઈ પ્રગતિ થઇ નથી. એનું શું કારણ છે ? એમની એ મનોવૃત્તિ બની જાય છે કે આપણે તો સર્વ કાઈ શીખી લીધું. બસ આજ વાતથી માયાનો પ્રહાર થઇ જાય છે જે આત્માને શીખવામાં અડચણરૂપ બને છે. બ્રહ્માબાબા આટલી ઉમર હોવા છતાં પણ સમજતા હતા કે હું વિદ્યાર્થી છું આ મનોવૃત્તિએ એમને ઉચ્ચતાના શિખરે પહોંચાડી દીધા. તો આ પ્રકારે શીખવા માટે જાગૃતિ જરૂરી છે. શીખવું એટલે માન્યતામાં પરિવર્તન કરવું અને તે ત્યારે થાય છે જ્યારે શીખવાની વાતનું મહત્વ સમજાય છે. જેમકે બાબા કહેતા હતા કે બાળકો, આ જીવન હીરા સમાન છે. અર્થાત આ શિક્ષણથી આપણે એટલા ઉચ્ચ બની શકીએ છીએ. જ્યારે આ વાત સમજાય છે ત્યારે અધ્યયનમાં ધ્યાન વધી જાય છે. શીખવા માટે પ્રલોભન અને પ્રેરણાની જરૂર છે. ત્યારે બાબા કહે છે કે જે નવા નવા આવે છે તેઓને તમે પહેલા અહીંનું લક્ષ્ય જણાવો. જ્યારે આપણને ખબર છે કે વિનાશ સામે જ ઉભો છે તો જલદી જલદી પુરુષાર્થ કરવાનો છે. શીખવા માટે બે માન્યતાઓમાં તુલના કરવી જરૂરી છે. પહેલા એ વાતનું મૂલ્ય આંકવું અર્થાત મૂલ્યાંકન કરવું પછીથી

ધારણ કરવું. જો કોઈના જીવનમાં પરિવર્તન થતું નથી તો તેઓનો અર્થ એ છે કે એણે સાંભળેલી વાતોનું મહત્વ સ્વીકાર્યું નથી. તેનાથી લાભ થાય છે યા હાની તેની તુલના કરી નથી. એટલે ધારણા પણ થઇ નથી. બાબા આપણને રોજ કહે છે કે બાળકો, જે કાઈ સાંભળ્યું છે તેને રીપીટ(ફરી યાદ) કરો. તો ધારણા થશે. અર્થાત હજમ થઇ જશે. શીખવા માટે જીજ્ઞાસા જરૂરી છે. બાબા અધ્યયનનું મહત્વ સમજાવતા કહે છે કે બાળકો, જેને મુરલી સાથે પ્રેમ છે તેને મુરલીધર સાથે પ્રેમ છે. તમારું અધ્ધયન મુરલી (જ્ઞાનના મહાવાક્યો) છે. એટલે અધ્યયન છોડશો નહી. એ તો બાબા જ્યારે વૃધ્ધોને બાળકો કહેતા તો એમનામાં અધ્યયન પ્રત્યે જાગૃતિ આવી જતી અને જે યુવાન હોવા છતાં પણ કહેતા કે અમે તો સર્વ કાઈ શીખી લીધું છે. તો બાબા કહેતા કે આ વૃધ્ધો છે.

૨. વ્યવહાર કરવાની કળા(Art of dealing or behavior) :- મમ્મા કહેતા "બાળકો પડે છે પણ પોતાના કર્મોથી અને ઉન્નતિ પણ કરે છે પોતાના કર્મોથી." એટલે સૌથી મોટી ચીજ કર્મ છે. હવે દૈવી સંસ્કાર, નવા સંસ્કાર કઈ રીતે બને ? તે આપણે અહીંથી જ બનાવવાનાં છે. કોઈ કહે છે જ્ઞાન પણ સાંભળીએ છીએ, યોગ પણ કરીએ છીએ છતાં પાંચ વિકારો ઉપર કન્ટ્રોલ આવતો નથી યા વ્યવહારમાં કોઈ તફાવત જણાતો નથી. એનો અર્થ એ થયો કે જ્ઞાન સાંભળ્યું જ નથી. કહેવાય છે કે સુંદર એ છે જે સુંદર કાર્ય કરે છે. તો આપણો વ્યવહાર એવો હોય જેમાં નિસ્વાર્થ સ્નેહ, મીઠાશ અને સદભાવ હોય. બાબાનો વ્યવહાર આવો હતો જેનાથી એમને જોઇને બીજાઓના જીવનમાં વ્યવહારમાં પરિવર્તન આવતું હતું. આપણા દરેક કર્મમાં સેવા સમાયેલી હોય. તો સેવા માટે કરેલું કાર્ય જ શ્રેષ્ઠ છે.

3. વિશ્રામ યા નિશ્ચિત રહેવાની કળા(Art of relaxation) :- જ્યારે આ દેહથી ન્યારા બનીએ છીએ ત્યારે વિશ્રામ થાય છે. જેમકે આપણે સૂઈ જઈએ છીએ ત્યારે

આત્મા દેહથી ન્યારો હોય છે.  અહી પણ આત્માને આરામ મળે છે.  પરંતુ રાજયોગ દ્વારા આત્મા જ્યારે શરીરથી ન્યારો થાય તો તે છે સતોગુણી આરામ.  નિ:સંકલ્પ સ્થિતિથી આપણે ન્યારા પણ બનીએ છીએ અને આરામ પણ કરીએ છીએ.  આ સ્થિતિ બાબામાં હતી.  જેમકે મુરલીમાં બાબા કહે છે ‘બની બનાઈ બન રહી અબ કુછ બનની નહી.’  અર્થાત જે નિર્માયું છે તે થઈને જ રહેશે.  આમ છતાં પણ બાબા સાવધાન રહેતા.  કોઈ પણ વિઘ્ન આવતું તો બાબા કહેતા નથીંગ ન્યુ.  (આ કઈ નવી વાત નથી)  બાબાના સ્વરૂપમાં હાસ્ય રહેતું.  એટલે એવું સમજવાનું છે કે કરન કરાવનહાર બાબા છે.  આપણે તો નિમિત્ત છીએ.  આને જ જ્ઞાનમાં નિશ્ચય કહેવાય. બાબા જ સર્વ કાઈ કરાવે છે.  તો આ નિશ્ચયથી આપણે સદા નિશ્ચિંત રહી શકીએ છીએ.  આવી નિશ્ચિંત રહેવાની કળા બાબામાં હતી.

****